26


# SAMBODHI

Indological Research Journal of L.D.I.I.

VOL. XXXVII 201

Prof. Nagin J. Shah Commemoration Volume

EDITOR

TENDRA B. SHAH

L. D. INSTITUTE OF INDOLOGY

AHMEDABAD

16. પૂ.સ્વ. શ્રી નગીનદાસભાઈ શાહને સ્મરણસુમનાંજલિ — પારુલબેન માંકડ — 107

17. નખશિખ વિદ્યાપુરુષ શ્રી નગીનભાઈ — માલતીબેન શાહ — 109

18. દીપક બુઝાયો — જિતેન્દ્ર બી. શાહ — 111

19. શાંકરવેદાન્તમાં અવિદ્યાવિચાર — મધુસૂદન બક્ષી — 114

20. ન્યાયદર્શનમાં કથાનિરૂપણ — નિરંજન પટેલ — 130

21. ततोऽणिमादिप्रादुर्भाव....। (યોગસૂત્ર ૩.૪૫) ઉપર થોડોક વિચાર — કમલેશકુમાર ચોકસી — 141

22. વર્ધમાન : પાણિનીય ધાતુપાઠના એક અપ્રસિદ્ધ વૃત્તિકાર — નીલાંજના શાહ — 146

23. જૈન અને બૌદ્ધ ધર્મશાસનમાં પર્યાવરણ સંરક્ષણ — નિરંજના વોરા — 167

24. સંસ્કૃત સાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ — ચંદ્રકાન્ત શેઠ — 178

25. સત્રિય લોકનાટ્ય — ભીમજી ખાચરિયા — 183

26. શૃંગારરસ અને સતીપ્રથા : એક નોંધ — રાજેન્દ્ર નાણાવટી — 192

27. વિભાવના અને વિશેષોક્તિ અલંકારમાં કાર્યાંશનું બાધ્યત્વ — પારુલબેન માંકડ — 201

28. મહાકવિશ્રી નારાયણભટ્ટપાદકૃત 'कोटिविरहम्' : એક અભ્યાસ — સુરેખા કે. પટેલ — 206


ग्रंथ परिचय एवं समीक्षा


29. **Īśāvāsyopaniṣad** — Y. S. Shastri — 21·

30. काश्मीर शिवाद्वयवाद में प्रमाण चिन्तन : पुस्तक की समीक्षा – समालोचना — सूर्यप्रकाश व्यास — 21


❀ ❀ ❀

# મહાકવિશ્રી નારાયણભટ્ટપાદકૃત 'कोटिविरहम्' : એક અભ્યાસ

સુરેખા કે. પટેલ

'કાવ્યમાલા' સીરિજના પાંચમા ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'कोटिविरहम्' કૃતિના કર્તા મહાકવિશ્રી નારાયણભટ્ટપાદનો જન્મ કેરળદેશના ભૂષણરૂપ (અલંકારરૂપ) 'નિલા' નામની પવિત્ર નદીથી સાડી ઓગણપચાસ યોજન દૂર ઉત્તરતીરે દેવીક્ષેત્ર ચંદનકવુની પાસે આવેલા 'મેપ્પુન્નૂર' કે 'મેલપુત્તુર' (કાવ્યમાલામાં ચતુર્થ ગુચ્છકમાં પ્રકાશિત 'स्वाहासुधाकरः' ની ટિપ્પણી મુજબ તેમજ History of Sanskrit Literature મુજબ બે નામો મળે છે.) માં નામ્બુદ્રીકુળમાં થયો હતો. આ સ્થળ મલબારના પુન્નની તાલુકામાં 'કુરુમ્પેટ્ટુર' તરીકે ઓળખાય છે. શ્રી નારાયણભટ્ટ તે દેવીના ભક્ત હતા. તેમના પિતાશ્રી 'માતૃદત્ત' એક વિદ્વાન હતા. તેમના માતા 'પય્યુપેટરી' કુટુંબનાં હતાં. તેમનો સમય ઇ.સ. ૧૫૬૦ થી ૧૬૪૬ નો છે. તેઓશ્રીએ બાળપણમાં અભ્યાસ કર્યો ન હતો. માત્ર કાવ્ય વગેરે થોડુંક ભણ્યા હતા. લગ્ન બાદ 'ત્રિક્કન્તીયુર'ના અચ્યુત નામના વૈષ્ણવદાસના શિષ્ય 'પિશારોટી' પાસે તેઓશ્રીએ બધાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આ પિશારોટી એક વિદ્વાન હતા. પરંતુ વેદાધ્યયન કરાવવા માટેની લાયકાત ધરાવતા ન હતા. આમ છતાં તેઓએ નારાયણને વેદાધ્યયન કરાવ્યું. આ પાપને કારણે પિશારોટી 'વાતરોગ'(કોઈ મોટો રોગ)ના ભોગ બન્યા. નારાયણે ગુરુના આ રોગને પોતાના તપની શક્તિથી પોતાના દેહમાં દિવ્યશક્તિથી સંક્રામિત કરી લીધો અને તેને દૂર કરવાનો ઉપાય વિચારી 'ગુરુવાયુપૂરમ્' નામના પ્રસિદ્ધ ક્ષેત્રમાં (દક્ષિણમાં આવેલું સ્થળ કે જ્યાં ભગવાન વિષ્ણુની પૂજા થાય છે.) રહેલા ભગવાન નારાયણની સ્તુતિ (ભક્તિ) કરી. (કૃષ્ણ ચારિયરના History of Sanskrit Literature માં શ્રીકૃષ્ણની સ્તુતિ કરી તેવો ઉલ્લેખ છે.) દરરોજ આ સ્તોત્રરૂપ શ્રીમદ્‌ભાગવતના અર્થનું પ્રતિપાદન કરતું માનવશ્રવણથી સંતોષ આપનારું અતિ રમણીય પદસમુદાયથી યુક્ત 'नारायणीम्' નામનું (સ્તોત્રરત્ન) શ્રેષ્ઠ સ્તોત્ર રચ્યું. આ સ્તોત્ર પણ કેરળેશવાસીઓ દ્વારા દરરોજ ઉપાસના કરાતાં શ્રીમદ્‌ભાગવતની માફક પ્રસિદ્ધ થયું છે. (અર્થાત્ તે સ્તોત્રનો જયજયકાર થાય છે.) આ સ્તોત્રનો રચના સમય તેના અંતિમ શ્લોકમાં 'आयुरारोग्यसौख्यम्'[1] પદથી દર્શાવ્યો છે. (૧૭૧૨૨૧૦ એ વીતેલા કળિયુગના દિવસોની સંખ્યા છે.) આ 'नारायणीम्' સ્તોત્ર ઇ.સ. ૧૫૯૦માં રચ્યું હતું. આમ, ગુરુવાયુપુરમ્‌ના સ્વામીશ્રી ભગવાન નારાયણની કૃપાથી સમગ્ર રોગમાંથી મુક્તિ પામી પોતાના દેહને નિર્મળ બનાવ્યો અને તેઓને આયુષ્ય, આરોગ્ય અને સુખની પ્રાપ્તિ થઈ.

'ગુરુવાયુપુરમ્'ના દેવાલય અને નદીમાં રહેતા રાજા દ્વારા પ્રાર્થના કરાતાં તેઓએ